# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/04/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **સરકારના શ્રેષ્ઠ પ્રયાસો છતાં લોકસભામાં મહિલા અનામત વિધેયક પસાર ન થવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુ:ખ વ્યક્ત ક રીને વિરોધ પક્ષો ઉપર પ્રહાર કર્યા.**
2. **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારો માટે મુખ્યમંત્રીએ ઉત્તર ગુજરાતમાં પ્રચાર કર્યો … આમ આદમી પાર્ટીએ અમદાવાદ મહાનગર પાલિકા માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો, જ્યારે કોંગ્રેસ આજે સંકલ્પ પત્ર જાહેર કરશે.**
3. **ગુજરાતના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે 210 કરોડ રૂપિયાના સાયબર ફ્રોડનો પર્દાફાશ કરીને સાતને ઝડપ્યાં.**
4. **ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આજે PSI કેડરની લેખિત પરીક્ષા યોજાશે.**
5. **મહેસાણામાં કેરીનાં પેકેજિંગ અને પ્રોસેસિંગનો અત્યાધુનિક પ્લાન્ટ તૈયાર થતાં ગુજરાતની વિશ્વ વિખ્યાત કેરીઓ હવે સાત સમુંદર પાર પહોંચશે.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PM- ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સરકાર માટે રાષ્ટ્ર હિત સર્વોપરી છે. રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે સરકારના નિષ્ઠાવાન પ્રયાસો છતાં નારી શક્તિ વંદન કાયદામાં સુધારો કરતું વિધેયક લોકસભામાં પસાર થઈ શક્યું નથી. તેમણે આ માટે બધી માતાઓ અને બહેનોની માફી માંગી હતી.

**BYTE – PM WOMEN BLESSINGS**

શ્રી મોદીએ જણાવ્યું હતું કે જ્યારે કેટલાક લોકોનો પક્ષ સર્વસ્વ બની જાય છે, ત્યારે મહિલા સશક્તિકરણ અને રાષ્ટ્રીય હિત બંનેને નુકસાન થાય છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે મહિલા અનામતએ સમયની જરૂરિયાત છે. મહિલાઓના હિતમાં ઘડવામાં આવેલા આ વિધેયકને નકારી કાઢવામાં આવ્યું તેનું મને ખૂબ જ દુઃખ થયું હતું,

**BYTE – PM ON POLITICAL PARTY**

પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે સંસદમાં નારી શક્તિ વંદન સુધારાનો વિરોધ કરનારા પક્ષો મહિલાઓની શક્તિને હળવાશથી લઈ રહ્યા હતા. તેમણે કહ્યું કે મહિલા અનામતનો વિરોધ કરીને તેમણે કરેલા અન્યાયની સજા વિપક્ષને ચોક્કસ મળશે. તેમણે સીમાંકન અંગે પણ  વિપક્ષોના વલણની ટિકા કરી હતી.

..............................

# ELECTION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાવ થરાદ અને બનાસકાંઠા જિલ્લા ના પ્રવાસ દરમિયાન વાવ થરાદ જિલ્લામાં વિકાસ સંકલ્પ સભા , મહિલા સંમેલન અને સહકારી આગેવાનો સાથે બેઠક કરી હતી તેમણે કંસારી ગામે વિકાસ સંકલ્પ સભાને સંબોધન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડીસા ખાતે સ્થાનિક સ્વરાજ્યની તાલુકા જિલ્લા પંચાયત અને નગરપાલિકા ચૂંટણીમાં કમળના નિશાન પર વોટ આપી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા આહ્વાન કર્યું.

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પ્રચાર માટે આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વલસાડ ના સેગવામાં ગામે મતદારોને સંબોધિત કરશે.

બીજી તરફ અન્ય પાર્ટીઓ પણ જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહી છે. આમ આદમી પાર્ટીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ધ્યાનમાં રાખીને પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. પ્રદેશ નેતાઓ અને રાષ્ટ્રીય નેતાઓએ અધિકાર પત્ર નામનો મેનિફેસ્ટો જાહેર કર્યો હતો. જેમાં પારદર્શક શાસન , રોડ રસ્તા, શિક્ષણ, આરોગ્ય સહિતની પાયાની સુવિધાઓ , રોજગાર, અર્થતંત્ર અને સ્થાનિક વિકાસ જેવા તમામ મહત્વના મુદ્દાઓ પર નાગરિકોને વચન આપ્યાં હતા જ્યારે કોંગ્રેસ પાર્ટી આજે અમદાવાદ ખાતે પોતાનું સંકલ્પ પત્ર જાહેર કરશે.. આ ઉપરાંત કોંગ્રેસ રાજ્યભરમાં પોતાના ઉમેદવારો માટે ચૂંટણી સભા , સંમેલનો અને ડોરટુ ડોર સર્વે કરી રહી છે.

પાટણ જિલ્લામાં જિલ્લા પંચાયતની મહત્વની બેઠકો પૈકી રણુજ, બાલીસણા, કમલીવાડા, કુણઘેર બેઠકો પર બંને પક્ષોમાંથી મજબૂત

ઉમેદવારો પસંદ કરવામાં આવેલા હોય ભારે રસાકસી જોવા મળી રહી છે. તીવ્ર ગરમી વચ્ચે ચૂંટણીના પ્રચાર જંગમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે.

મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા પક્ષ વિરોધી કૃત્ય કરનાર ને બરતરફ કરવામાં આવ્યા છે. જીલ્લા ના અલગ અલગ તાલુકા મા સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીમાં ભાજપ માંથી મેન્ડેડ માંગતા ન મળતા પક્ષ વિરોધી કામગીરી કરનાર અને ભાજપ સામે ફોર્મ ભરનાર ને બરતરફ કરવામાં આવ્યા છે.

……………………………

## VAPI ELECTION PREPARATION

વલસાડ જિલ્લાની વાપી મહાનગર પાલિકા ની પ્રથમવાર 26 એપ્રિલના રોજ ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે જિલ્લા ચૂંટણી પંચ અને વહીવટી તંત્ર સજ્જ બન્યું છે.. સાંભળીએ એક અહેવાલ….

**VOICE CAST – NAVEEN PATEL**

……………………………

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

# Voting awareness

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લા માં મતદાન જાગૃતિ માટે જનસેવા કેન્દ્રમાં વિવિધ દાખલાઓ , પ્રમાણપત્રો કે ટેક્સ ભરવા આવતા ગ્રાહકોને અપાતી બિલની પહોંચ પર 'મારો મત મારો અધિકાર – મતદાન અચૂક કરીએ ' અને 'તારીખ ૨૬ એપ્રિલના રોજ અચૂક મતદાન કરો ' તેવો ખાસ સ્ટેમ્પ લગાવવામાં આવી રહ્યો છે રાજકોટ ના જસદણ જિલ્લામાં આંગણવાડી બહેનોએ મત આપવાના શપથ લીધા અને સ્વીપની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડાઈ રહી છે.

પંચમહાલ જિલ્લામાં જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી ને ધ્યાનમાં રાખીને ગોધરામાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો નક્કી કરવા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

ખેડા જિલ્લા નાં કઠલાલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાનને વિદ્યાર્થીઓનો ઉત્સાહભેર પ્રતિસાદ મળ્યો છે.

વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા સોશ્યિલ મીડિયામાં પ્રચાર-પ્રસારનો કેવી રીતે ઉપયોગ થઇ રહ્યો છે તેના ઉપર નોડલ અધિકારી દ્વારા નજર રાખવામાં આવશે.

..............................

## CM AWARD FUNCTION

રાજ્યના ઉદ્યોગસાહસિકો વૈશ્વિક ફલક પર ગુજરાતનું નામ રોશન કરી રહ્યા હોવાનું ગૌરવ છે તેમ મુખ્યમંત્રીએ ગઇકાલે આયોજીત એક એવોર્ડ વિતરણ સમારંભમાં કહયું હતુ..ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં એક મીડિયા  ગ્રુપ દ્વારા આયોજિત "પ્રાઇડ ઓફ ગુજરાત-૨૦૨૬" એવોર્ડ વિતરણ સમારોહ માં તેમણે આ વાત કરી હતી.

મુખ્યમંત્રીએ રાજ્યના વિકાસમાં મહત્વનું યોગદાન આપનાર વિવિધ ક્ષેત્રની આશરે ૬૦ જેટલી અગ્રણી સંસ્થાઓ અને મહાનુભાવોને એવોર્ડ એનાયત કર્યા હતા.

..............................

## CYBER FRAUD

ગુજરાતના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે એક ઓપરેશન હાથ ધરીને આંતરરાજ્ય સાયબર ફ્રોડ કરનારી ટોળકીને ઝડપી લઈને 210 કરોડ રૂપિયાના સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો છે. આ સાયબર ફ્રોડ કરતી ટોળકીએ દેશની   **15**થી વધુ બેન્કોને લક્ષ્ય બનાવી છે. આ ગેંગે ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટિવ બેન્કની સિસ્ટમને હેક કરીને ધૂળેટીના દિવસે એક જ રાતમાં   **7** કરોડ રૂપિયાથી વધુની રકમ સેરવી લીધી હતી.

ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, સાયબર ક્રાઈમ સેલની ટીમે વડોદરાની એક ગેંગને ઝડપી લીધી છે. આ ટોળકીની હાથ ધરાયેલી આ

તપાસમાં અત્યાર સુધીમાં 273 જેટલા સાયબર ગુનાઓમાં સંડોવાયેલી હોવાનું સામે આવ્યું છે.

..............................

# PSI EXAM

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજ્યના 371 પરીક્ષા કેન્દ્રો ખાતે આજે PSI કેડરની 858 જગ્યા માટે લેખિત પરીક્ષા યોજાશે. શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા 1 લાખ 10 હજાર હજારથી વધુ ઉમેદવારો લેખિત પરીક્ષા આપશે. અમદાવાદ, વડોદરા , સુરત અને રાજકોટ ખાતે આ પરીક્ષાનું આયોજન કરાયું છે. ભરતી બોર્ડ કરાઇ ખાતેથી કેન્દ્રિય નિરીક્ષણ કક્ષની મદદથી પરીક્ષાનું નિરીક્ષણ કરશે. દરેક પરીક્ષા કેન્દ્ર પર PI અને PIS કક્ષાના અધિકારીની નિમણૂક કરાઇ છે. બાયોમેટ્રિક વેરિફિકેશનને લઈને ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર પર સમયસર પોહંચવા ભરતી બોર્ડ દ્વારા જણાવાયું છે.

..............................

# GUJCOMASOL

ગાંધીનગરમાં ગુજકોમાસોલ દ્વારા ગુજકો બકાલી મેંગો ફેસ્ટિવલનો ગઇકાલથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મેંગો ફેસ્ટિવલનો પ્રારંભ ગુજકોમાસોલ અને ઇફ્ફકોના ચેરમેન દિલીપ સંઘાણી અંગે ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બિપીન પટેલની ઉપસ્થિતિમાં કરાયો હતો. આ અવસરે બકાલી નામની મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરાઇ હતી.

આ મોબાઈલ એપથી કેરીઓનું ઓનલાઈન વેચાણ કરવામાં આવશે. આ મેંગો ફેસ્ટિવલ આગામી ત્રણ મહિના સુધી ચાલશે. આ પ્રસંગે ગુજકોમાસોલના

ચેરમેન દિલિપ સંઘાણીએ કહ્યું હતું કે ગુજરાતની વિશ્વ વિખ્યાત કેરીઓ હવે સાત સમુંદર પાર વિદેશ સુધી પહોંચશે. મહેસાણામાં કેરીનાં પેકેજિંગ અને પ્રોસેસિંગનો અત્યાધુનિક પ્લાન્ટ તૈયાર થઈ ગયો છે , જેનું આગામી ટૂંક સમયમાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે.

..............................

## WEATHER

આજથી ત્રણ દિવસ સુધી રાજ્યના કેટલાંક ભાગોમાં વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે...આજે અમરેલી , ભાવનગર, છોટા ઉદયપુર, દાહોદ અને મહીસાગર જિલ્લામાં વરસાદ પડી શકે છે. આવતીકાલે તાપી, ડાંગ, અમરેલી અને ભાવનગરમાં વરસાદની સંભાવના છે.

ત્યારબાદ અમરેલી , ભાવનગર, સુરત અને ભરૂચ જિલ્લામાં વરસાદ પડવાની હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આગાહી કરી છે.

..............................